ગાંધીનગર સમાચાર

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૨ ઓટોમેટીક વેધર સ્ટેશનો સ્થપાશે

# આજે વાસ્મો દ્વારા ૧૨૬ ગામોના સરપંચોનું સંમેલન

## આંબેડકર હોલમાં બપોરે ૧૧ વાગે યોજાનાર સંમેલન માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા તૈયારીઓ પૂરજોશમાં

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં નર્મદાનું પાણી નહિ મેળવતા ૧૨૬ ગામોના સરપંચોનું એક સંમેલન પાણી પુરવઠા તંત્ર દ્વારા યોજવામાં આવ્યું છે.

સે. ૧૨માં આંબેકર હોલ ખાતે યોજવામાં આવેલ આ સંમેલનમાં નર્મદાનું પાણી લેવા માટે સરપંચોને આગ્રહ કરવા ઉપરાંત થનારા ફાયદાઓની વાત કરાશે.

આ સંમેલનના સ્થળે શુદ્ધ જળના ફાયદા અને ભૂગર્ભ જળની બચત થાય તે માટેના જુદા જુદા પોસ્ટર્સ પણ દર્શાવવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

આ સંમેલનમાં પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી દેસાઈ તેમજ જિલ્લા કલેક્ટર સતીષ પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

પાણી પુરવઠા બોર્ડ દ્વારા આ અંગેની તૈયારીઓ કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ પાણી પુરવઠા બોર્ડના પરીક્ષણમાં સ્થાનિક સ્ત્રોતોમાંથી પાણી મેળવતા ગામોમાં ફ્લોરાઈડ, નાઈટ્રેટ જેવા તત્વો વધારે પ્રમાણમાં મળતા હોવાનું જણાયુ હોવાના અહેવાલો આવ્યા બાદ બોર્ડના તંત્રએ આ સરપંચ સંમેલન યોજવાનો નિર્ણય કરેલ છે.



મરામત - શહેરના સેક્ટર-૨૨ સ્થિત આયુર્વેદિક હોસ્પિટલના મરામતની કામગીરી પૂરઝડપે ચાલી રહી છે... માનવ જીવનની મરામત કરતી હોસ્પિટલની મરામત અનિવાર્ય બને છે... છેલ્લા કેટલાક સમયથી હોસ્પિટલ સંકુલમાં સુવિધાના અનેક પ્રશ્નો અનુભવાતા હતા.... સુવિધાને વધુ સુદઢ બનાવવા હોસ્પિટલને અદ્યતન બનાવવાની કામગીરી દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે....

# શહેરના જુના સેકટરોમાં પાણી ફોર્સથી આવતુ નથી

## ચરેડી પાણીની મુખ્ય લાઈનમાં લીકેજની સમસ્યા ડામવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૪

શહેરના જુના સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની પોકાર ઉઠવા પામી છે. થોડા સમય અગાઉ સેકટરોમાં ડહોળા પાણીની સમસ્યાએ ભરડો લીધો હતો. હાલ જુના સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. ચરેડી પાસેની પાણીની મુખ્ય લાઈનમાં પણ લીકેજની સમસ્યા દુર કરવા માટે ટુંકમાં કામ હાથ ધરવામાં આવશે જેના લીધે આગામી દિવસોમાં એક દિવસ પાણી પુરવઠો ઠપ્પ થઈ જાય તેવી પણ સંભાવના છે.

શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા પર્યાપ્ત પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનુ સુત્રો જણાંવી રહયા છે. હાલ સેકટરોમાં પાણીની જરૂરિયાતને અનુલક્ષી તંત્ર દ્વારા રોજબરોજ ૫૫ એમ એલ ડી જેટલો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવી રહયો છે.પરંતુ થોડા સમય અગાઉ શહેરમાં ડહોળા પાણીની સમસ્યા ઉદભવતા નગરજનોમાં બુમ ઉઠવા પામી હતી. પાણીની ગુણવત્તાની સાથે ફોર્સ ઘટતા રહીશોમાં રોષ પ્રવર્તયો હતો. હાલ પણ જુના સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. અગાઉના વર્ષોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાય બાદ પાણીની વિકટ સમસ્યા હળવી થઈ હતી.પરંતુ સેકટરોના બોરનુ પણ અપગ્રેડેશન જરૂરી બન્યુ છે. સે-૨૪ માં પાણીની પોકાર ડામવા માટે તંત્ર દ્વારા નવો બોર બનાવાનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત સે-૨૬ માં પણ બંધ બોર ચાલુ કરવા માટે સમારકામ હાથ ધરાશે. વધુમાં ચરેડી પાસેની પાણીની મુખ્ય પાઈપલાઈનમાં લીકેજ હોવાના લીધે પાણી પુરવઠા તંત્ર દ્વારા ટુંકમાં જ તેનુ રીપેરીંગ કામ હાથ ધરાશે જેના લીધે સેકટરોમાં પાણી પુરવઠો બંધ રાખવાની ફરજ પણ પડે તેવી સંભાવના છે.

# જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૨.૧૧ ટકા મતદારો વધ્યા

## સૌથી વધુ ગાંધીનગર (દ)માં આ પછી કલોલ અને દહેગામ, ગાંધીનગર (ઉ) તેમજ માણસાનો ક્રમ આવે છે : પુરૂષ મતદારોની સંખ્યામાં ૧૨.૨૫ ટકા અને મહિલા મતદારોની સંખ્યા ૧૧.૯૭ ટકાનો વધારો નોંધાયો : હાલ જિલ્લામાં ૧૧,૨૦,૪૬૬ નોંધાયેલા મતદારો છે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૨ની વિધાનસભાના ચૂંટણી જંગ પછી ૧૨.૧૧ ટકા મતદારોમાં વધારો થવા પામ્યો છે.

આજે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૧-૧-૧૭ની સ્થિતિએ મતદારોની યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની સાથે જ મતદાર યાદી સુધારણા અભિયાનનો આરંભ થનાર છે.

૧૪મી ઓક્ટોબર ૨૦૧૬ સુધી આ મતદાર યાદી સુધારણા અભિયાન ચાલશે. આ મતદારયાદી સુધારણા ઝુંબેશનું સૌથી આગવુ પાસુ એ રહેશે કે ૧૬મી સપ્ટેમ્બરે ગ્રામસભાઓ યોજી તેમાં મતદારયાદીનું વાંચન કરવામાં આવનાર છે.

બુથ લેવલ ઓફિસર આ અભિયાન દરમ્યાન ઘરે ઘરે ફરી અને મતદારોની નોંધણી તેમજ સુધારા-વધારાની નોંધ કરશે. આ ઉપરાંત ૧૮ સપ્ટે. ૨૦૧૬, ૨૫/૯ અને ૯ ઓક્ટો. ના રોજ ખાસ સઘન અભિયાન અંતર્ગત મતદાન મથક પર બીએલઓ હાજર રહેશે. એટલુ જ નહિ ત્યાં જઈ મતદાર યાદીમાં મતદારનું નામ છે કે નહિ તેની ચકાસણી પણ કરી શકશે.

રાજ્ય વિધાનસભાની આગામી વર્ષે યોજાનાર સામાન્ય ચૂંટણીઓ પૂર્વે આ સૌથી મહત્વની મતદારયાદી સુધારણા ઝુંબેશ હોઈ પંચે તેનું સમગ્ર ધ્યાન તેના પર કેન્દ્રીત કર્યું છે.

શુદ્ધ અને ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર થાય તે માટે પર્સનવીથ ડીસએબીલીટીની પણ ખાસ નોંધ બીએલઓ દ્વારા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં નોંધાયેલ મતદારોની સંખ્યા ૯,૯૯,૩૭૫ હતી જે આજે વધીને ૧૧,૨૦,૪૬૬ થઈ છે. જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧,૨૧,૦૭૧ મતદારોનો વધારો જોવા મળ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ૬૩,૩૧૯ પુરૂષ મતદારો અને ૫૭,૭૪૪ મહિલા મતદારો નવા નોંધાયેલા છે.

૨૦૧૪માં લોકસભાની ચૂંટણી વખતે જિલ્લામાં નોંધાયેલ મતદારોની સંખ્યા ૧૦,૭૪,૧૦૧ હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિસ્તાર દીઠ જોઈએ તો દહેગામમાં ૯૪૭૭ પુરૂષ અને ૮૩૩૯ મહિલા મતદારો છેલ્લા પાંચ વર્ષમાં વધ્યા

હાલ જે નંધાયેલા મતદારો છે તેમાં ૫,૮૦,૪૦૬ પુરૂષ મતદારો અને ૫,૪૦,૦૨૭ મહિલા મતદારો છે.

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લામાં યુવા મતદારો સૌથી વધુ નોંધાયેલા છે

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા મતદારોમાં યુવા મતદારોની સંખ્યા ૬૦ ટકા જેટલી છે. ૧૮ થી ૪૦ વર્ષની આયુના નોંધાયેલા મતદારોની સંખ્યા ૬,૧૨,૯૪૧ છે. જ્યારે ૪૧ થી ૭૦ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૪,૬૦,૧૬૨ છે અને ૭૦ થી વધુ આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૪૭,૩૪૩ છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૨ ઓટોમેટીક વેધર સ્ટેશનો સ્થપાશે

## દસ કિ.મી.ની ત્રિજ્યામાં એક સ્ટેશન હશે : પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત આ સ્ટેશનો સ્થપાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૨ જેટલા ઓટોમેટીક વેધર સ્ટેશનો સ્થાપવામાં આવશે.

પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત આ ઓટોમેટીક વેધર સ્ટેશનો સ્થાપવામાં આવશે. જે પવનની ગતિ, દિશા, વરસાદ, વરસાદનો વેગ, વરસાદ અંગેની આગાહી, તાપમાન અને ભેજના પ્રમાણ સહિતની વિગતો પુરી પાડશે. પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત જે તે વિસ્તારની પરિસ્થિતિનું સાચુ મૂલ્યાંકન થઈ શકે તે માટે આ વેધર સ્ટેશનો સ્થાપવામાં આવશે.

ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા આ વેધર સ્ટેશનો સ્થાપવામાં આવી રહ્યા છે. મળતી વિગતો મુજબ દસ કિ.મી.ના અંતરમાં એક વેધર સ્ટેશન ઉભુ કરવાનુ હાલ આયોજન આખરી કરવામાં આવ્યુ છે. આ માટે રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા એજન્સી પણ નિયત કરવામાં આવી ગઈ હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યના કૃષિ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ વર્ષના અંત સુધીમાં આ વેધર સ્ટેશનો કાર્યરત થઈ જાય તે રીતે આયોજન તૈયાર કરી દેવામાં આવ્યું છે. આગામી બે માસમાં ગાંધીનગર જિલ્લામાં આ વેધર સ્ટેશનો કાર્યરત

● અનુસંધાન પાન-૭ પર

# ચ-માર્ગના નવિનીકરણ પાછળ સાડા ત્રણ કરોડ ખર્ચાશે

## મુખ્ય ઘ માર્ગની સુધારણા બાદ હવે ચ માર્ગનુ કામ હાથ ધરાશે : વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ સુધારણાના કામો ઝડપથી હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૪

શહેરના ચ માર્ગના નવિનીકરણ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પુર્વે ચ માર્ગની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. વાઈબ્રન્ટને અનુલક્ષી રોડ ફર્નિચરના કામો માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં રસ્તાના બ્યુટીફિકેશન માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી રહી છે. ત્યારે નગરના મુખ્ય માર્ગોની સુધારણા પણ હાથ ધરાશે. ચ માર્ગના નવિનીકરણ માટે રૂ ૩.૫૦ કરોડનો ખર્ચ થશે.

શહેરમાં રસ્તાના કામો ચોમાસાના લીધે છેલ્લા ત્રણ મહીનાથી ઠપ્પ થઈ ગયા છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગાને અનુલક્ષી તંત્ર દ્વારા વિભાગને

● અનુસંધાન પાન-૭ પર

# સ્વચ્છતા અભિયાનનો આદિવાડાથી આરંભ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે આદિવાડા ખાતેથી સ્વચ્છતા સપ્તાહ અભિયાનનો મેયર પ્રવિણ પટેલની ઉપસ્થિતિમાં આરંભ કરવામાં આવ્યો છે.

મનપા દ્વારા ૧૯મી સુધી ચાલનારા આ સફાઈ અભિયાનમાં સે. ૨૪, સેક્ટર-૨, સે. ૨૧, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, અક્ષરધામ બોરીજ, સે. ૭, ધોળાકુવા તેમજ સેક્ટર-૧૩ના વિસ્તારને આવરી લેવામાં આવનાર છે.

આ અભિયાન દરમ્યાન ડેબ્રીજ દૂર કરવા ઉપરાંત પશુધન રાખતા ઈસમોની આસપાસના વિસ્તારોમાં ગંદકી હશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. પ્લાસ્ટીક બાનનું અમલીકરણ તેમજ ઓપન ડેફીનેશન અટકાવવા સહિતની કામગીરી કરવાની રહેશે.

આ અભિયાનમાં સ્વચ્છતા અંગેની જાહેરાત માટે એક ડ્રોપ સાથેનું સ્ટેજ પણ મનપા દ્વારા તૈયાર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. આ અભિયાનમાં પદાધિકારીઓ પણ મોટી સંખ્યામાં જોડાય તે માટે તેમને ખાસ વિનંતી કરવામાં આવી હોવા ઉપરાંત તેમને અભિયાનનો વિગતવાર કાર્યક્રમ પણ સત્તાવાળાઓએ મોકલી આપ્યો છે.



ગાંધીનગર શહેરમાં વધતી જતી ગંદકીના સામ્રાજ્ય અંગે અખબારી અહેવાલો પણ અવારનવાર પ્રકાશિત થયા છે. જો કે ડમ્પીંગ સાઈટના અભાવને લઈ કચરો બાળવાની બાબતમાં હજુ મનપા દ્વારા કોઈ સ્પષ્ટતાઓ થઈ નથી એ દુઃખદ છે.

આજરોજ આદિવાડા ગામ ખાતે અભિયાન ચલાવવામાં આવેલ. જેનું મેયર પ્રવિણભાઈ પટેલ, સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તથા કાઉન્સિલર નીતિનભાઈ પટેલ, ધીરૂભાઈ ડોડીયા, હંર્ષાબેન ધાંધલ, અગ્રણી કનુભાઈ દરજી તથા ગામના આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી અભિયાનમાં પોતાનું યોગદાન આપેલ છે. અને સ્વચ્છતા જાળવવા સમજ પુરી પાડેલ છે અને સ્વચ્છ ભારત અભિયાનને સફળ બનાવવા પ્રતિજ્ઞા કરેલ છે. સમગ્ર ગામની શેરીઓની સફાઈ કરેલ છે.

# ૯૫ મામલતદારોને નાયબ કલેક્ટર તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના ૯૫ મામલતદાર સંવર્ગના અધિકારીઓને નાયબ કલેક્ટર તરીકે બઢતી આપતા હુકમો આજે મોડી રાત્રે જારી કરવામાં આવ્યા છે.

આજે કરવામાં આવેલ આ હુકમમાં કલોલના મામલતદાર કે. વાઘેલાને પ્રાંત અધિકારી તરીકે ખેડા નિમણુંક આપવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટીના નાયબ કલેક્ટરની ખાલી પડેલી જગ્યા પર શ્રીમતિ આર.કે. વંઝવાણીની તેમજ શ્રીમતિ ડી.બી. પ્રજાપતિની મનોરંજન કરની નાયબ કલેક્ટરની ખાલી જગ્યા પર નિમણુંક કરવામાં આવી છે. શ્રીમતિ વંજવાણી અમદાવાદમાંથી તો શ્રીમતિ પ્રજાપતિ અમદાવાદ પશ્ચિમના મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા તેમને મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત પાંચ નાયબ કલેક્ટરોની પણ બદલીના હુકમો આ સાથે કરવામાં આવી છે.

TUITION
Home Tuitions & Group Tuitions
1st to 5th All Subject
(English & Hindi Medium)
(English Grammar-up to 10th)
Contact No. 99246 54400
97239 65860
Qtr No. 105/7,
Nr. Post Office, Sector-9,
Gandhinagar - 382009
JOIN TODAY FOR BETTER TOMORROW

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

Bank Exam Coaching
IBPS Vacancy 19243 Fees - Rs.4000/-
RRB's Vacancy 16000 Fees - Rs.3000/-
ફ્રી સેમિનાર/રજીસ્ટ્રેશન : તા.૧૮-૯-૧૬ રવિવાર, સમય : સવારે ૧૦.૦૦ કલાકે
એકાઉન્ટ ઓફિસર તેમજ વાણિજ્યક વેરા ઓફિસર વર્ગ-૨ ની જગ્યાના વર્ગો માટે પણ સંપર્ક કરવો.
Contact : 9377791965, 9978406959, 9974163713
પ્લોટ નં.૭૬૯/૨, સે.૭/બી, અરિહંતની બાજુમાં, ઘ-રોડ ઉપર ગાંધીનગર.
શ્રીશ્રી એ.પી.કલાસીસ તેમજ ૐકાર એકેડમી, ગાંધીનગર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com